અમદાવાદના મહે.એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૨૭ સમક્ષ.

ફોજદારી કેસ નંબર: ૧૮૪/'૧૨
આંક–૩૦

ફરીયાદી : કીર્તિકુમાર રતીલાલ ભટ્ટ.
ઉ.વ.આ. પુખ્ત, ધંધો વેપાર,
હે.બાપુનગર,અમદાવાદ.

વિરૂધ્ધ

આરોપી :– વિઠૃલભાઈ મગનભાઈ પટેલ.
ઉ.વ.આ.પુખ્ત, ધંધો વેપાર.,
હે.સૈજપુર બોઘા, અમદાવાદ.

ગુનો : ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ.

ફરીયાદપક્ષે વિ.વ.શ્રી ચંદ્રમોહનસિંહ આનંદસિંહ હાજર નથી.
આરોપીપક્ષે વિ.વ.શ્રી કે.આર.કોઠારી હાજર નથી.

જ જ મે ન્ટ

૧. આ કામના ફરીયાદ પક્ષની ફરીયાદ હકીકત ટુંકમાં એવી છે કે ફરીયાદીને, આરોપી સાથે વર્ષો જૂનો સબંધ હોવાથી આરોપીને સારી રીતે ઓળખે છે અને આરોપી, ફરીયાદીના સસરા વિરમજી દયાલજની બારોટ સાથે મળી ભૂતકાળમાં હોટલમાં નોકરી કરતા હતાં. આરોપી કાલુપુર ખાતે કપાસીયા બજારમાં પાનનો ગલ્લો ધરાવે છે, જે ગલ્લો હાલમાં આરોપીએ, ફરીયાદીને છેલ્લા છ માસથી ભાડે આપેલ છે અને આમ ફરીયાદી સદરહુ પાનનો ગલ્લો કીર્તિ પાન કોર્નરના નામે ચલાવે છે. આરોપીનો પુત્ર નામે કનુભાઈ પટેલ, જે ઉમીયા નોટબુક મેન્યુ. કંપની નામથી ઈન્ડીયા એસ્ટેટ, નરોડા, ખાતે ધંધો કરે છે અને તે ધંધામાં પણ આરોપી સાથ આપે છે અને આરોપીએ, તેમના ઉપરોકત ધંધાની જરૂરિયાત માટે ફરીયાદી પાસે હાથ ઉછીના નાણાંની માંગણી કરતાં ફરીયાદીએ,

આરોપીને તા.૧૦–૩–'૦૬ ના રોજ તેમણે, આરોપીને રૂ.બે લાખ હાથઉછીના આપેલા અને ફરીયાદીને સદરહુ રકમની જરૂર પડતાં આરોપીએ, ફરીયાદીને તા.૧૯–૫–'૦૬ ના રોજનો રૂ. બે લાખ પુરાનો ધી કાલુપુર કોમ.કો.ઓ.બેંક લિ. કાલુપુર શાખા, અમદાવાદનો ચેક નં.૦૭૬૦૮૭ નો ફરીયાદીના નામનો, આરોપીએ, ફરીયાદીની હાજરીમાં તેમની સહી કરીને આપેલો અને આરોપીની સુચના મુજબ ફરીયાદીએ સદરહુ ચેક તેમની બેંકમાં સ્વીકારવા માટે જમા કરાવેલ, પરંતુ સદર ચેક તા.૨૭–૫–'૦૬ ના રોજ સ્વીકારાયા વગર '' ટુડેઝ ઓપનીંગ બેલેન્સ ઈનસફીસ્યન્ટ ' ના શેરા સાથે પરત આવતાં ફરીયાદીએ, તેમના વકીલશ્રી મારફતે આરોપીને તા.૧–૬–'૦૬ ના રોજ રજી.એ.ડી. તથા યુ.પી.સી. મારફતે નોટિસ મોકલાવેલી અને યુ.પી.સી.વાળી નોટિસ આરોપીને મળી ગયેલી છે, જયારે રજી.એ.ડી.વાળી નોટિસ '' રીફયુઝ '' ના શેરાથી તા.૫–૬–'૦૬ ના રોજ પરત મળેલી છે અને નોટિસ મળી જવા છતાં આરોપીએ સદરહુ ચેકના નાણાં ચુકવી આપેલા નથી કે નોટિસનો કોઈ જવાબ આપેલો નથી અને તેમ કરી આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબનો ગુનો કરેલ છે. જેથી તેમણે, આરોપી વિરૂધ્ધ સમય મર્યાદામાં આંક ૧ મુજબની ફરીયાદ દાખલ કરેલ છે.

આમ, આરોપીએ આજદીન સુધી ફરીયાદીની કાયદેસરની લેણી રકમ ચુકવી આપેલ નથી. જેથી આ કામના આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ–૧૮૮૧, (કે જેને સરળતા ખાતર હવે પછી આ ઠરાવમાં ''**એકટ**'' તરીકે સંબોધવામાં આવ્યા છે) ની કલમ: ૧૩૮ તથા સાથે વાંચતા કલમ:૧૪૨ અન્વયે સજાને પાત્ર ગુનાહીત કૃત્ય કરેલ હોવાથી હાલની ફરીયાદ તા.૨૯–૬–'૦૬ ના રોજ નામ.કોર્ટમાં રજુ કરવામાં આવેલ છે.

<u>૨.</u> સદરહુ ફરીયાદ રજુ કરતાં ફોજદારી કાર્યરીતિ સંહિતા:૧૯૭૩(કે જેને સરળતા ખાતર આ ઠરાવમાં હવે પછી ''**સંહિતા**'' તરીકે સંબોધવામાં આવ્યા છે) ની કલમ ૨૦૦ અન્વયે ફરીયાદીનું વેરીફીકેશન સોગંદ ઉપર નોંધવામાં આવ્યું. ત્યારબાદ સંહિતાની કલમ ૨૦૪ અન્વયે આરોપી

સામે સમન્સ કાઢવામાં આવ્યો હતો. જેની ધોરણસરની બજવણી થતાં આરોપી તેમના વિ.વકીલશ્રી મારફતે હાજર થતાં, ફરીયાદની તથા દસ્તાવેજોની નકલો આપી, આરોપીની પ્લી આંક ૪ થી ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ ૨૫૧ મુજબ નોંધવામાં આવેલ હતી. જે અન્વયે આરોપીએ ગુન્હો કબુલ કરવાનો ઈન્કાર કરેલ હોવાથી કેસની ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

<u>૩.</u> આ કામે ફરીયાદ પક્ષ તરફે તેમની ફરીયાદ હકીકતના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ લેખિત પુરાવો રજુ કરવામાં આવેલો છે.

<u>મૌખિક પુરાવો :-</u>

અ.નં.	વિગત	આંક
૧.	ફરીયાદી કીર્તિકુમાર રતીલાલ ભટ્ટની સોગંદ ઉપરની જુબાની	૬

<u>દસ્તાવેજી પુરાવો</u>

અ.નં.	વિગત	આંક
૧	અસલ ચેક	૮
૨	અસલ ચેક રીટર્ન મેમો.	૯
૩	એડવાઈઝ મેમો.	૧૦
૪	નોટીસની સ્થળપ્રત	૧૧
૫	પોસ્ટની રસીદ	૧૨
૬	યુ.પી.સી.ની અસલ રસીદ	૧૩
૭	રજી.એ.ડી.નું અસલ કવર	૧૪
૮	નોટિસ રજી.એ.ડી.	૧૫

આ સિવાય ફરીયાદી તરફે કોઈ વધુ લેખિત કે મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ નથી. છેલ્લે આંક ૨૨ થી ફરીયાદી તરફે પુરાવા બંધની પુરશીસ આપવામાં આવેલી છે.

<u>૪.</u> ત્યારબાદ આ કામે આરોપી પક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તેમજ લેખિત પુરાવો રજુ કરવામાં આવેલો છે.

મૌખિક પુરાવો :–

અ.નં.	વિગત	આંક
૧.	આરોપી વિઠ્ઠલભાઈ મગનભાઈ પટેલની સોગંદ ઉપરની જુબાની	૨૫

દસ્તાવેજી પુરાવો

અ.નં.	વિગત	આંક
૧.	ઉ.ત.નો હકક ખોલવા બાબતની અરજી	૧૭
૨	ડુપ્લીકેટ ચેક હેન્ડરાઈટીંગ એકસપર્ટને મોકલવાની અરજી	૨૬

ત્યારબાદ આંક ૨૯ થી અરજદારના વિ.વ.શ્રીએ નીચે મુજબનો ચુકાદો રજુ કરેલો છે. જે વંચાણે લીધો.

જી.એલ.એચ. ૨૦૦૫(૩), પાન નં.૫૩૫

આ સિવાય આરોપી તરફે વધુ કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલો નથી.

૫. આ કામનું રેકર્ડ વેરીફાય કરતાં હાલનું કામ ઘણાં લાંબા સમયથી ફરીયાદ પક્ષના વધુ પુરાવાના તબકકે પેન્ડીગ રહેલ છે. ત્યારબાદ ફરીયાદ પક્ષે, આરોપી વિરૂઘ્ધનું તહોમત પુરવાર કરવા માટે મૌખિક પુરાવો તથા દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટ રજુ કરવામાં આવેલ છે તેને અનુક્રમે આંક ૮ થી આંક ૧૫ આપવામાં આવેલ છે.આંક ૬ થી ફરીયાદીની સોગંદ પરની જુબાની રજુ કરેલ છે અને ફરીયાદીની, આરોપી તરફે વિસ્તૃત રીતે ઉ.ત. કરવામાં આવેલી છે. આ કામે ફરીયાદી કે તેમના વિ.વ.શ્રી હાજર નથી. આ કામે આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલો છે અને ફરીયાદ પક્ષે, આરોપી વિરૂઘ્ધના ગુનાના પુરાવા રજુ કરેલા નથી. ફરીયાદી પુરાવો આપી કામ આગળ ચલાવતાં ન હોય ફરીયાદીના પુરાવા તથા દલીલનો હકક બંધ કરવામાં આવેલો છે. આમ આ કામે ફરીયાદી કે તેમના વિ.વ.શ્રી કામ આગળ ચલાવતાં ન હોય,આ કામમાં પ્રગતિ કરતાં નથી માટે બંને પક્ષકારો તરફે આ કામે રજુ થયેલ ફરીયાદ પક્ષના પુરાવા ઉપરથી ગુણદોષ ઉપર આ કામનો ન્યાયિક નિકાલ કરવો આ અદાલતે ન્યાયોચિત માનેલો છે.

૬. ત્યારબાદ આ કામે ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવતાં આરોપીએ,તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતી હકીકતો જણાવેલી છે. આરોપીએ પોતાના બચાવમાં હસ્તાક્ષર નિષ્ણાતને તપાસવા છે તથા આરોપીએ આંક ૨૫ થી પોતાનો સોગંદ પરનો પુરાવો રજુ કરેલો છે. વિશેષમાં આરોપીએ જણાવેલ છે કે ફરીયાદી, તેમના મિત્રના જમાઈ થતાં હોવાથી તેમણે, તેમની દુકાન ફરીયાદી બેકાર હોવાથી પાનનો ગલ્લો કરવા માટે આપેલ. જે દુકાનમાં મારો અગાઉ પાનનો ગલ્લો ચાલતો હતો અને તેમાં પડી રહેલ તેમની સહીવાળા ચેકનો ફરીયાદીએ ગેરઉપયોગ કરેલો છે અને તે ચેકમાં છેકછાક કરેલ છે, છેકછાક આગળ તેમની સહી નથી, દુકાનનો કબજો તેમને પરત ન આપવા માટે ફરીયાદીએ ખોટો કેસ કરેલો છે.

૭. આ કામે રજુ કરવામાં આવેલ પુરાવાના અનુસંધાને આ કેસના ન્યાયિક નિકાલ માટે નીચે મુજબના મુદ્દાઓ પ્રસ્થાપિત થાય છે.

મુ દ્દા

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે ફરીયાદીના કાયદેસરના લેણા પેટેનો આરોપીએ આ કામે રજુ થયેલ વાદગ્રસ્ત ચેક આપેલો. જે ફરીયાદીએ પોતાની બેંકમાં ભરતાં સંતોષાયા વગર પરત ફરેલો. જેથી ફરીયાદીએ, આરોપીને નોટિસ આપેલી, પરંતુ આરોપીએ નોટિસમાં જણાવ્યા મુજબ પાલન કરેલ નહિ અને તેમ કરીને આરોપીએ ધી ને.ઈ.એકટની કલમ ૧૩૮ મુજબનો સજા તથા દંડને પાત્ર ગુન્હો કરેલો છે ?

(૨) શું હુકમ ?

૮. ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારાત્મક.

(૨) આખરી હુકમ અનુસાર.

કા ર ણો

૯. <u>મુદ્દા નંબર ૧</u> :- આ કામે મુદ્દા નં-૧ ના સંદર્ભમાં જોવામાં આવે તો, મુદ્દા નં-૧ પુરવાર કરવાની જવાબદારી પ્રાથમિક રીતે ફરીયાદ પક્ષની છે. આરોપી સામેનું ફરીયાદીનું બાકી લેણું

કાયદેસરનું વસુલ થવાપાત્ર છે અને તે કાયદેસરના વસુલ કરવાપાત્ર બાકી લેણાની ચુકવણી પેટે કે બાકી લેણાંની અંશત: ચુકવણી પેટે આરોપીએ તકરારી ચેક આપેલો છે અને તે ચેક અસ્વીકૃત થયેલ છે તેમજ તે ચેક અસ્વીકૃત થયા બાદ આરોપીને તે અંગેની લેખિતમાં આરોપીના સાચા અને ખરા સરનામે જાણ કરવામાં આવેલ છે ? આ તમામ હકીકત ફરીયાદીએ પુરવાર કરવાની છે.

આ કામે ફરીયાદીએ, આરોપી વિરૂધ્ધ ધી ને.ઈ.એકટની કલમ ૧૩૮ ના ગુનાની ફરીયાદ આપેલ છે. જેમાં નામદાર દિલ્હી હાઈકોર્ટે રીપોર્ટેડ જજમેન્ટ **2012(2) DCR 384, S.K.Mittal Vs Saree Mahal reg.** માં ઠરાવ્યા મુજબ ફરીયાદ પક્ષે નીચે મુજબના આવશ્યક તત્વો પુરવાર કરવાના રહે છે.

The following ingredients are required to be fulfilled;

1. That there is legally enforceable debt or liability;
2. The drawer of the cheque issued the cheque to discharge in part or whole the said legally enforceable debt or liability,
3. The cheque so issued was returned unpaid by the banker of the drawer.
4. Legal demand notice was served upon the accused and the accused failed to make the payment within 15 days of the receipt of the said notice."

આ કામે ફરીયાદીને જે ચેક આપવામાં આવેલ છે તે અવેજની રકમ ગે.કા.ની છે તેવી આરોપી પક્ષની તકરાર નથી, કેમ કે એકટની કલમ ૧૧૮ તથા ૧૩૯ ને ધ્યાને લેવામાં આવે તો આ બંને અનુમાનો કાયદેસરના છે. આ અનુમાનો આરોપીની વિરૂધ્ધના અને ફરીયાદીની તરફેણના છે તેવું કાયદામાં જ ઠરાવવામાં આવેલ છે. એકટની કલમ ૧૧૮(એ) તથા ૧૩૯ નીચે મુજબ છે.

એકટની કલમ ૧૧૮(એ)

" **Of consideration- that every negotiable instrument was**

made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, indorsed, negotiated or transferred, was accepted, indorsed, negotiated or transferred for consideration:"

<u>એકટની કલમ:૧૩૯</u>

"Presumption in favour of holder- If shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in section 138 for the discharge, in whole or in part, or any debt or other liability"

આમ ઉપરોકત કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતાં ફરીયાદવાળો તકરારી ચેક આરોપીએ કોઈ કાયદેસરના લેણાંની પૂર્ણ કે અંશત: ચુકવણી પેટે આપેલા હશે તેવું અનુમાન કરવાનું રહે છે, સિવાય કે આરોપી પક્ષ તે અનુમાન વિરૂધ્ધની કોઈ હકીકત કોઝન્ટ પુરાવા ધ્વારા રેકર્ડ પર લાવે અને તે હકીકત એવી હોવી જોઈએ કે જેનાથી ફરીયાદ પક્ષના પુરાવામાં સંભવિત શંકા ઉપસ્થિત થાય તેવી હકીકત રેકર્ડ પર લાવવી જોઈએ.

વધુમાં આરોપી જો એમ કહેતાં હોય કે આ ચેક સિકયુરીટી પેટે આપવામાં આવેલ છે તો તેવી હકીકત કે કથન પુરવાર કરવાની જવાબદારી આરોપી ઉપર રહે છે, કેમ કે જયારે કોઈપણ વ્યકિત કે પક્ષકારો પોતાના સમર્થનમાં કોઈ કથન કરે તો તે કથન પુરવાર કરવાની જવાબદારી પણ જે તે કથન કરનાર વ્યકિત કે પક્ષકારોની રહે છે તેવું ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૦૧ તથા ૧૦૩ ની જોગવાઈ સંયુકત રીતે વંચાણે લેતાં સ્પષ્ટ બને છે. ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૦૧ તથા ૧૦૩ નીચે મુજબ છે.

<u>ભારતીય પુરાવા અધિનિયમની કલમ:૧૦૧:</u>

Burden of proof :- Whoever desires any Court to give judgment as to any legal right or liability dependent on the existence of facts which he asserts, must prove that those facts exist.

when a person is bound to prove the existence of any fact, it is said that the burden of proof lies on that pereson.

<u>ભારતીય પુરાવા અધિનિયમની કલમ:૧૦૩ :</u>

Burden of proof as to particular fact.—The burden of proof as to any particular fact lies on that person who wishes the Court to believe in its existence, unless it is provided by any law that the proof of that fact shall lie on any particular person.

કાયદાની જોગવાઈઓની આટલી પૂર્વભૂમિકાની ચર્ચા કર્યા બાદ આ કેસના સંજોગો અને પુરાવાની મુલવણી નીચે મુજબ કરવામાં આવેલી છે.

<u>૧૦.</u> હવે આ કામે કેસના રેકર્ડ પર રજુ થયેલા મૌખિક પુરાવાની વિસ્તૃત રીતે ચર્ચા કરીએ તો આંક ૬ થી ફરીયાદીએ, તેમની સોગંદ પરની સરતપાસની એફીડેવીટ રજુ કરેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે ફરીયાદીને, આરોપી સાથે વર્ષો જૂનો સબંધ હોવાથી આરોપીને સારી રીતે ઓળખે છે અને -- આરોપી, ફરીયાદીના સસરા વિરમજી દયાલજી બારોટ સાથે મળી ભૂતકાળમાં હોટલમાં નોકરી કરતા હતાં.આરોપી કાલુપુર ખાતે કપાસીયા બજારમાં પાનનો ગલ્લો ધરાવે છે, જે ગલ્લો હાલમાં આરોપીએ, ફરીયાદીને છેલ્લા છ માસથી ભાડે આપેલ છે અને આમ ફરીયાદી સદરહુ પાનનો ગલ્લો કીર્તિ પાન કોર્નરના નામે ચલાવે છે. આરોપીનો પુત્ર નામે કનુભાઈ પટેલ, જે ઉમીયા નોટબુક મેન્યુ. કંપની નામથી ઈન્ડીયા એસ્ટેટ, નરોડા, ખાતે ધંધો કરે છે અને તે ધંધામાં પણ આરોપી સાથ આપે છે અને આરોપીએ, તેમના ઉપરોકત ધંધાની જરૂરિયાત માટે ફરીયાદી પાસે હાથ ઉછીના નાણાંની માંગણી કરતાં ફરીયાદીએ, આરોપીને તા.૧૦-૩-'૦૬ ના રોજ તેમણે, આરોપીને રૂ.બે લાખ હાથઉછીના આપેલા અને ફરીયાદીને સદરહુ રકમની જરૂર પડતાં આરોપીએ, ફરીયાદીને તા.૧૯-૫-'૦૬ ના રોજનો રૂ. બે લાખ પુરાનો ધી કાલુપુર કોમ.કો.ઓ.બેંક લિ. કાલુપુર શાખા, અમદાવાદનો ચેક નં.૦૭૬૦૮૭ નો ફરીયાદીના નામનો, આરોપીએ, ફરીયાદીની હાજરીમાં તેમની સહી કરીને આપેલો અને આરોપીની સુચના મુજબ ફરીયાદીએ સદરહુ ચેક તેમની બેંકમાં સ્વીકારવા માટે જમા કરાવેલ, પરંતુ સદર ચેક તા.૨૭-૫-'૦૬ ના રોજ સ્વીકારાયા વગર

'' ટુડેઝ ઓપનીંગ બેલેન્સ ઈનસફીસ્યન્ટ ' ના શેરા સાથે પરત આવતાં ફરીયાદીએ, તેમના વકીલશ્રી મારફતે આરોપીને તા.૧–૬–'૦૬ ના રોજ રજી.એ.ડી. તથા યુ.પી.સી. મારફતે નોટિસ મોકલાવેલી અને યુ.પી.સી.વાળી નોટિસ આરોપીને મળી ગયેલી છે, જયારે રજી.એ.ડી.વાળી નોટિસ '' રીફયુઝ '' ના શેરાથી તા.૫–૬–'૦૬ ના રોજ પરત મળેલી છે અને નોટિસ મળી જવા છતાં આરોપીએ સદરહુ ચેકના નાણાં ચુકવી આપેલા નથી કે નોટિસનો કોઈ જવાબ આપેલો નથી.

ફરીયાદીની, આરોપી તરફે કરવામાં આવેલી ઉલટતપાસમાં તેમણે જણાવેલ છે કે તે પાનનો ગલ્લો છેલ્લા અઢાર મહીનાથી છે અને આ ગલ્લાનું નામ કીર્તિ પાન કોર્નર હતું અને જે બંઘ કરેલ છે, અઢાર મહીના પહેલા માટે શેરડીના રસનું કોલુ હતું તથા ઘડીયાળ રીપેરીંગની દુકાન હતી અને તેમના ધંઘાની કુલ માસિક આવક રૂ.તેર હાજર જેટલી છે, તેમાં રૂ. છ હજાર માસિક ભાડાની રકમનો સમાવેશ થાય છે, તેઓ તેમની આવક તથા ખર્ચનો હિસાબ રાખે છે, તેમને સરસપુરમાં દેનાબેંક તથા ઠકકરબાપાનગરમાં ઓરીએન્ટ બેંકમાં ખાતું તેમના નામનું બચત ખાતું છે, તેઓ છેલ્લા બે વર્ષથી ઈન્કમટેક્ષ ભરે છે, તેમને વ્યાજની કોઈ આવક નથી, તેમણે, આરોપીને રૂ. બે લાખ તા.૧૦–૩–'૦૬ ના રોજ આપેલા છે તે દર્શાવતો કોઈ લેખિત આઘાર તેમની પાસે નથી, આ રકમ તેમણે તેમના બચત ખાતામાંથી ઉપાડીને આપેલી નથી, તેમણે આ રકમ એક સાથે આરોપીને આપેલી, તેમણે આરોપીને રકમ આપેલી તેની જાણ તેમની પત્નીને નથી, તેઓ જે દુકાનમાં ધંધો કરે છે તે દુકાનના માલિક આરોપી છે, તેમના સસરા તથા આરોપી ભૂતકાળમાં હોટલમાં નોકરી કરતાં હતાં અને તે બંને વચ્ચે સારા સબંઘ હતાં અને તેઓ બેકાર હોવાથી આરોપીએ, તેમને મદદ કરવા માટે પાનનો ગલ્લો કરી આપેલો, તેમણે આરોપી સાથે દુકાનના ભાડા બાબતે કોઈ લખાણ કરેલ નથી, તેમણે આરોપી પાસે લખાણ માંગેલ, પરંતુ આરોપીએ લખાણ આપેલ નથી, તેઓ, આરોપીને ભાડુ ચુકવે છે, પરંતુ આરોપી, તેમને ભાડાની પહોંચ આપતાં નથી, તા.૧૦–૩–'૦૬ ના રોજ તેમની પાસે રૂ.બે લાખ રોકડા હતાં તેવું દર્શાવતો કોઈ લેખિત આઘાર તેમની પાસે નથી, તેમણે, આરોપીને રૂ.બે લાખ

આપેલા છે તેની નોંધ તેમના હસ્તાક્ષરમાં ચોપડીમાં કરેલ નથી. તેમણે આંક ૬ થી રજુ કરેલ એફીડેવીટ વાંચેલ છે, તેમણે આંક ૭ ના લીસ્ટથી જે દસ્તાવેજો રજુ કરેલા છે તે તેમણે વાંચેલા છે, આંક ૮ નો ચેક બતાવવામાં આવે છે તેમાં તા.૧૯–૫–૨૦૦૬ લખેલ છે તે તેમણે લખેલ નથી, તારીખ લખેલ જગ્યાએ કોઈની સહી નથી, આ ચેકમાં આંકડામાં રકમ તેમણે લખેલ નથી, આ ચેકમાં તેમનું નામ જણાવેલ છે તથા શબ્દોમાં રકમ લખેલ છે તે તેમના હસ્તાક્ષરમાં નથી, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે આ લખાણ એફ.એસ.એલ. મારફતે પરિક્ષણ કરાવવું જોઈએ. તેમને આંક ૧૦ નો બેંકનો મેમો બતાવવામાં આવે છે, તેમાં સહી છે તે જાખી સહી છે, તેમાં બ્રાંચ મેનેજર જણાવેલ છે, તેમાં કોઈ વ્યકિતની સહી નથી, તેમાં એકાઉન્ટન્ટ શબ્દ આગળ જાખી સહી છે, તે સહીના અક્ષર વાંચી શકાય તેમ નથી, તેમને બેંકના એકાઉન્ટન્ટનું નામ ખબર નથી, તેઓ દેનાબેંકના મેનેજર તથા એકાઉન્ટન્ટની સહી ઓળખતાં નથી, તેમણે, આરોપીને રૂ. બે લાખ આપેલા છે તેની પહોંચ તેમણે લીધેલી નથી, તેમણે આરોપી સાથે જે વ્યવહાર કરેલો છે તેની જાણ તેમના મિત્ર ગાંડાભાઈ દેસાઈ તથા ગોવિંદભાઈ ને છે અને આ બંને મિત્રો પાસેથી તેઓ પૈસા લાવેલા છે, આ પૈસા તેઓ વ્યાજે લાવેલા નથી અને આ પૈસા તેઓ આરોપી સાથે વ્યવહાર થયેલો તે પહેલા લાવેલા, તેમની પહેલા આરોપી પટેલ પાનના નામે દુકાન ચલાવતાં હતાં.

<u>૧૧.</u> આ કામે આરોપી વિઠૃલભાઈ મગનભાઈ પટેલે આંક ૨૫ થી પોતે સોગંદ પર પુરાવો રજુ કરેલો છે. જેમાં તેઓએ જણાવેલ છે કે આ કામના ફરીયાદી, તેમના મિત્રના જમાઈ થતાં હોવાથી ઓળખે છે. ફરીયાદી બેકાર હોવાથી આરોપીએ, તેમની માલિકીની દુકાન ફરીયાદીને પાનનો ગલ્લો કરવા માટે આપેલી, પરંતુ ફરીયાદીએ, તેમના સબંધોનો ગેરફાયદો ઉઠાવી, તેમની માલિકીની જગ્યામાં પડેલ માલ સામાનનો તેમજ તેમણે જયારે દુકાન તેઓને સોંપી ત્યારે તેમના ગલ્લામાં પડેલ તેમની સહીવાળો કોરો ચેક તેઓએ લઈ, તેમાં તેઓએ બાકીની વિગત ભરી તથા તેમાં છેકછાક કરી, તે ચેકનો દૂરઉપયોગ કરી, તેમની માલિકીનો ગલ્લો ખાલી ન કરવો પડે તે માટે હાલની આ ખોટી

ફરીયાદ કરેલ છે. જે બાબતે ફરીયાદી પાસે તેઓએ પૈસા લીધેલા તે બાબતનો કોઈ પુરાવો નથી તેમજ ચેકમાં ''૦'' (શૂન્ય) પાછળથી ઉમેરેલ છે અને ચેકના આંકડામાં (શૂન્ય) ''૦'' પાછળથી છૂટી ગયેલ હોવાનું સ્પષ્ટ થાય છે, જે આંક ૮ જોતાં સ્પષ્ટ થાય છે અને ચેકમાં તેમના હસ્તાક્ષર નથી તે માટે તેઓ હેન્ડરાઈટીંગ એકસપર્ટને તપાસવાની ના.કોર્ટમાં અરજી આપવાના છે. ફરીયાદીનું કોઈપણ જાતનું લેણું આરોપી પાસે નીકળતું ન હતું અને છે પણ નહિ તેમજ સદર કેસનો જે દૂરઉપયોગ કરેલ છે તે ખાતામાં તેઓએ કયારેય પણ આટલી મોટી રકમનો વ્યવહાર પણ કરેલો નથી, જે બાબતે તેઓ, તેમની બેંકના ખાતાના વ્યવહારની વિગત પણ તપાસવાના છે. ફરીયાદીએ, તેમના વિરૂધ્ધ ખોટી ફરીયાદ દાખલ કરેલ છે અને કાયદેસરના લેણાં પેટેનો ચેક ન હોવા છતાં કોરા ચેકમાં ખોટી વિગતો ભરી, તેમાં ખોટી રકમ ભરતી વખતે છેકછાક કરેલ હોય ચેક રદબાતલ હોય ફકત ખોટી રીતે આરોપીની દુકાન પચાવી પાડવાના હેતુથી હાલની આ ફરીયાદ કરેલ છે.

આરોપીની, ફરીયાદ તરફે કરવામાં આવેલી ઉલટતપાસમાં તેમણે જણાવેલ છે કે તેઓ ફરીયાદીને ઓળખે છે. અગાઉ તેમને કાલુપુરમાં પાનનો ગલ્લો હતો અને આ ગલ્લો તેમણે, ફરીયાદીને સબંધી તરીકે ચલાવવા આપેલો. તેમનો પુત્ર કનુભાઈ સૈજપુર મુકામે સ્ટેશનરીનો ધંધો કરે છે, તેમણે, ફરીયાદીને આપેલો ગલ્લો ખાલી કરાવવા કોર્ટમાં કે પોલીસમાં કોઈ અરજી કરેલ નથી, આ ગલ્લો હાલ પણ ફરીયાદીના કબજામાં છે.

<u>૧૨.</u> આમ આ કામે ફરીયાદીનો આંક આંક ૬ નો મૌખિક પુરાવો તેમજ આંક ૭ ના લીસ્ટથી રજુ કરેલ આંક ૮ થી આંક ૧૪ વાળો દસ્તાવેજી પુરાવો તેમજ આરોપીનું વિશેષ નિવેદન અને આંક ૨૫ મુજબ આરોપીનો પુરાવો વિ.ને ધ્યાને લેતાં આ કામે રજુ થયેલ આંક ૮ વાળા ચેકમાં રકમમાં ફેરફાર કરવામાં આવેલો છે. આ રકમમાં ફેરફાર કર્યા બાદ ચેક લખનારની તેની નીચે ફેરફાર અંગેની નોંધ નથી. આ કામે આરોપીએ, ફરીયાદીની ઉલટતપાસના સ્વરૂપમાં અને આંક ૨૫ ના પોતાના મૌખિક પુરાવાના સ્વરૂપમાં લીધેલ તકરાર મુજબ ફરીયાદીએ, આરોપીની માલિકીની જગ્યામાં પાનનો ગલ્લો

કરવા ભાડે જગ્યામાં પડેલ માલ સામાન પૈકી આંક ૮ વાળા વાદગ્રસ્ત તકરારી ચેકનો દૂરઉપયોગ થયો હોવાની હકકીતનો બચાવ ટકવાપાત્ર છે. ફરીયાદી પાનનો ગલ્લો ચલાવી પોતાનું ગુજરાન કરે છે ત્યારે આરોપીને હાથઉછીના રૂ.બે લાખની માતબર રકમ કયા આવકના સ્ત્રોતથી આપેલી તે બાબતનો સચોટ અને નકકર પુરાવો ફરીયાદીએ રજુ કરવો જ જોઈએ. જો આવો પુરાવો ફરીયાદી રજુ ન કરે તો આરોપીના રીબટલના પુરાવાને આ અદાલતે ધ્યાને લઈ **પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબ્લીટીના સિધ્ધાંત** મુજબ આરોપીના બચાવને આ અદાલતે માનવો જોઈએ. આ કામે આંક ૮ વાળા વાદગ્રસ્ત તકરારી ચેકમાં રકમમાં છેકછાક હોય આ છેકછાક નીચે ચેક ઈસ્યુ કરનારની સહી ન હોય તેમજ આરોપીએ, ફરીયાદીની ઉલટતપાસના સ્વરૂપમાં લીધેલ બચાવ અન્વયે ફરીયાદી પોતાનો કેસ નિ:શંકપણે -- પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોવાનું આ અદાલતનું સ્પષ્ટપણે માનવું છે.પરિણામે ફરીયાદ પક્ષ, મુદ્દા નં.૧ ની હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી, મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

હુ ક મ

૧. આ કામના આરોપી વિઠ્ઠલભાઈ મગનભાઈ પટેલને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ:૨૫૫(૧)અન્વયે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ :૧૩૮ ના ગુનામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીએ અપીલ સમયના સી.આર.પી.સી.ક.૪૩૭(એ) અન્વયેના રૂ.૫,૦૦૦/- (પાંચ -હજાર) ના જામીન તથા જાતમુચરા ૬ માસ (છ માસ) માટેના રજુ રાખવા.

હુકમ આજરોજ તારીખ ૪/૪/૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા.૪/૪/૨૦૧૮.
સ્થળ: અમદાવાદ.

(ડી. એસ. ડાભી.)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
ને.ઈ.એ.ની કોર્ટ-૨૭, અમદાવાદ.
જજ કોડ નં. GJ 01018